
# Veer Narmad
# South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्



# ઈ–દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter
For Private Circulation Only

Vol. 14, Issue. 254, November 2023


સભ્યતા શબ્દોનો સાચો અર્થ ઇચ્છાઓનો ગુણાકાર કરવો તેવો થતો નથી, પરંતુ જરૂરિયાતોનું ઈરાદાપૂર્વક અને સ્વૈચ્છિક રીતે નિયંત્રણ કરવું તેવો થાય છે. આ અર્થ જ સાચા સુખમાં અને સંતોષમાં અભિવૃદ્ધિ કરે છે. અને સેવા કરવાની ક્ષમતામાં વધારો કરે છે.

– મહાત્મા ગાંધી

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ગાળેલો સમય એ તેમના જીવનપરિવર્તનનો સમય બની ગયો.

દક્ષિણ આફ્રિકામાં તેમના એકવીસ વર્ષના વસવાટ દરમિયાન ગાંધીજીનાં ચિંતન અને જીવનમાં અગત્યના ફેરફારો થયા. આચરણમાં મૂકવા જેવો છે ખરો? જો તે આચરણમાં મૂકવાને યોગ્ય ન હોય તો તેઓ તે વિચારમાં વધુ રસ લેવાનું બંધ કરતા. પરંતુ જો ઉત્તર વિધેયાત્મક હોય તો તે વિચારને તેઓ પોતાની જીવનરીતિમાં વણી લેતા. તે વિચારના 'સત્ય'ની સાથે તેઓ 'પ્રયોગો' કરતા અને તેના નૈતિક તર્કની બારીકાઈથી તપાસ કરતા. દક્ષિણ આફ્રિકામાંના તેમના વસવાટ દરમિયાન જે ત્રણ પુસ્તકોએ તેમને અત્યંત પ્રભાવિત કર્યા હતા તે હતાં (૧) હેન્રી થોરોની અનુપમ અને શ્રેષ્ઠ કૃતિ ઑન ધી ડ્યુટી ઑફ સિવિલ ડિસઓબીડિઅન્સ (૧૮૪૭), (૨) ટૉલ્સટૉય લિખિત ધી કિંગ્ડમ ઑફ ગૉડ ઇઝ વિધિન યુ (૧૮૯૩), આ પુસ્તકે ગાંધીજીને અભિભૂત કર્યા હતા. તેમણે આ પુસ્તક સંબંધે એવ દાવો કર્યો છે કે તેમાં તેમણે અહિંસા અને પ્રેમના સિદ્ધાંતોનાં પ્રથમ વખત દર્શન કર્યાં અને (૩) જ્હોન રસ્કિને લખેલ પુસ્તક અન ટુ ધિસ લાસ્ટ (૧૮૬૨), તેનો 'જાદુઈ પ્રભાવ' તેમના જીવનમાં 'નિર્ણાયક' બન્યો.

ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા ત્યારે એક બિનસલામત, ડરપોક અને નિષ્ફળ વકીલ તરીકે ગયા હતા, પરંતુ જ્યારે તેઓ ૧૯૧૪માં ત્યાંથી ભારત આવવા માટે નીકળ્યા ત્યારે તેઓ આત્મવિશ્વાસ ધરાવતા, સ્વાભિમાની, સારા એવા ધાર્મિક અને સુપ્રસિદ્ધ રાજકીય નેતા બની ચૂકયા હતા.

ગાંધીજીને મન સુયોજિત સત્યાગ્રહ અને રચનાત્મક કાર્યક્રમ ભારતના નૈતિક પુનર્જન્મ અને ભારતની રાજકીય સ્વતંત્રતા માટે ચાવીરૂપ હતા, પરંતુ તેમણે આ સંદર્ભે રચનાત્મક કાર્યક્રમ પર વધુ ભાર મૂકયો હતો. ખાસ કરીને તેમના સ્ત્રીવર્ગ અને યુવાવર્ગ પર ખૂબ લાગણીભર્યા પ્રભાવનો ઉપયોગ કરીને ગાંધીજી તેમના સન્માનનીય વડીલ સભ્ય પણ બન્યા હતા. વિવિધ કુટુંબોના પૂજનીય વડીલ તરીકે તેમણે કુશળતાપૂર્વક તેમને સાંકળ્યાં હતાં. તેમણે આ રીતે મજબૂત રાષ્ટ્રીય જાળ (નેટવર્ક) ની રચના કરી હતી.

માનવકાર્યોનું ઉદ્‌ભવસ્થાન 'બુદ્ધિ અને હૃદય જ' છે. આ માટે તો કોઈકે લોકોનાં હૃદયને સ્પર્શવું જોઈએ અને તેમના અંતરાત્માને જાગૃત કરવો જોઈએ. આ માટે એક માર્ગ ઉપવાસ છે. ગાંધીજી ઉપવાસના સ્વરૂપને અને તેની ક્રિયાવિધિને જે રીતે સમજ્યા હતા તે પ્રમાણે ઉપવાસના ખ્યાલનાં બે આગવાં ઉદ્‌ભવસ્થાનો છે.: (૧) તપ કરવાની હિંદુ પ્રથા અને (૨) પ્રેમ માટે યાતના ભોગવવાનો ખ્રિસ્તી ધર્મનો પ્રભાવશાળી ખ્યાલ.

આધુનિક સભ્યતા એવી માન્યતાઓ પર આધારિત છે કે જો વ્યકિત સતત ગતિમાં રહેતી નથી તો તે જીવંત રહેતી નથી અને જીવનનો ગતિક્રમ જેટલો વધારે ઝડપી તેટલી વ્યકિત વધારે જીવંત. તે કારણે આધુનિક સભ્યતાને સ્વાભાવિક રીતે જ અજંપાભરેલી અને અસ્થિર છે. તેણે સમય અને અવકાશ પર વિજય મેળવવાનું લક્ષ્ય રાખ્યું હોવાથી તેણે સતત વધારે ને વધારે ઝડપી એવા વાહનવ્યવહારનાં અને સંદેશાવ્યવહારનાં માધ્યમો વિકસાવ્યાં છે.

ગાંધીજીની દ્રષ્ટીએ આધુનિક સભ્યતાઓ નીતિમત્તાનાં મહત્ત્વનાં આંતરિક પરિણામોનું ઉલ્લંઘન કર્યું છે અને તેઓ જેને આત્માનો ગુણધર્મ કહે છે તેની તેણે અવગણના કરી છે. ઉદાર, ચિંતનશીલ, આત્મનિંદક, સંવેદનશીલ અને કોમળ હૃદય ધરાવતો મનુષ્ય નહીં, પરંતુ ખડતલ, આક્રમક, મહત્ત્વકાંક્ષી અને સ્વાર્થી મનુષ્ય આધુનિક સભ્યતાનો આદર્શ તેમ જ તેનો જરૂરી પાયો ગણાયો છે.

ગાંધીજીની દ્રષ્ટીએ પોતાના સાથી મનુષ્યોનું શોષણ કરવું એ બાત આધુનિક સભ્યતાના માળખામાં નિહિત છે. ગરીબો પ્રત્યે તિરસ્કારભર્યો વ્યવહાર કરવામાં આવે છે. ગાંધીજીને મન યુરોપીય સામ્રાજ્યવાદ અને આધુનિક સભ્યતાના હાર્દરૂપ એવા આક્રમક અને શોષણખોર આવેશની સાહજિક અભિવ્યકિત છે.

> "કોઈ પણ બાબત, ભલે તે ગમે તેણે રજૂ કરી
> હોય, પરંતુ બુદ્ધિ અને અનુભવના સંદર્ભમાં
> તેની ચકાસણી કરવી એ સોનેરી નિયમ છે."

– મહાત્મા ગાંધી

**તા. ૧ નવેમ્બર, ૨૦૨૩**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી સમાચાર

### ન્યુ ઇન્ડિયા વાયબ્રન્ટ હેકાથોન–૨૦૨૩

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત 'ન્યુ ઇન્ડિયા વાયબ્રન્ટ હેકાથોન–૨૦૨૩'નું આયોજન તા.૪/૧૧/૨૦૨૩ના રોજ સવારે ૮:૦૦ થી સાંજે ૭:૦૦ કલાક સુધી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આર્કિટેકચર વિભાગ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, એસ.આઈ.પી. નોડલ ઓફિસર શ્રી મનિષકુમાર પટેલ, યુનિવર્સિટી નોડલ ઓફિસર ડૉ. કમ્લેંદુ પાંડે, વેન્યુ ઈન્ચાર્જ શ્રીમતી કુંદન વાઘેલા, એસ.એસ.આઈ.સી.ના કૉ–ઓર્ડિનેટર ડૉ. પરેશ પારેખ, આર્કિટેકચર વિભાગના વડાશ્રી રાજેશભાઈ મહેતા, ૨૨ જયુરી મેમ્બર્સ, માર્ગદર્શક, ૪૫ ટીમના વિદ્યાર્થીઓ તથા સ્વયંસેવકો હાજર રહ્યાં હતાં. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ વિદ્યાર્થીને માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, આ હેકાથોનથી શું શીખવા મળે? અને તેનાથી કયા અને શું બદલાવો આવી શકે છે? આ પડકારો હેકાથોન પોર્ટલ https://ssipgujarat.in/hackathon2023 પર ઉપલ્બધ કરવામાં આવ્યા છે. તેને ઉકેલવા માટે વિદ્યાર્થીઓ પ્રયત્નો કરી રહ્યા છે. આ પડકારો જેવા કે, હોસ્પિટલને લગતા, સ્માર્ટ હેલ્થ કેર લોકેટીગ, WIFI Base Attendance, Fack Social Media Profile Detection and Reporting, Online Portal for monthly data Submission, QR Code base Feedback, મોબાઈલ એપ ફોર મેન્ટલ હેલ્થ, વેસ્ટ ટુ એનર્જી ઉપરાંત રાજ્યભરના વિદ્યાર્થીઓ સરકારી વિભાગો, કચેરીઓ અને ઉદ્યોગો દ્વારા વહેંચાયેલી સમસ્યાઓના નિરાકરણ માટે વ્યવસ્થિત પ્રયાસો કરવામાં આવ્યાં હતા. રાજ્યભરના સરકારી વિભાગો, કચેરીઓ અને ઉદ્યોગોના ૨૩૧ જેટલી સમસ્યા આપવામાં આવી હતી. તમામ જ્યુરી મેમ્બર્સ દ્વારા અલગ અલગ ટીમો પાસે જઈને મૂલ્યાંકન કર્યું અને ટીમો સાથે સવાલ–જવાબો કર્યા. ગુજરાત નોલેજ સોસાયટી, શિક્ષણ વિભાગ SSIP 2.0 હેઠળ 'ન્યુ ઈન્ડિયા વાઈબ્રન્ટ હેકાથોન ૨૦૨૩'નું આયોજન કરી રહ્યું છે. જો કે પ્રાથમિક રીતે આ કાર્યક્રમ રાજ્ય સરકારના વિભાગો અને મહાનગરપાલિકાના વિવિધ પડકારોના ઉકેલ શોધવા માટે રૂપરેખા અને અમલમાં મુકવામાં આવશે, આ તમામ પ્રકારની પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓની કલાનો વિકાસ થાય છે. નવા વિચારોનું સર્જન થાય છે અને ઘણી મુશ્કેલીઓનો હલ પણ થાય છે, વિદ્યાર્થીઓ હળીમળીને કોઈ પણ મુશ્કેલીઓનો હલ લાવવાના પ્રયત્નો કરે છે. 'ન્યુ ઈન્ડિયા વાઈબ્રન્ટ હેકાથોન ૨૦૨૩'નું સંચાલન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત ઇન્સ્ટિટયુશન ઇનોવેશન કાઉન્સિલ આઈડિયા એન્ડ ઇનોવેશન સેલ અને SSIP દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે નોડલ ઓફિસર, જ્યુરી મેમ્બર્સ, માર્ગદર્શક તથા ભાગ લેનાર તમામ ટીમના વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.











## આંતર યુનિવર્સિટી તાઈકવાન્ડો




વેઈસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી તાઈકવાન્ડો (ભાઈઓ) ૨૦૨૩–૨૪નું આયોજન જે.જે.ટી. યુનિવર્સિટી, જૂહનજૂનું (રાજસ્થાન) મુકામે તા. ૨/૧૧/૨૦૨૩ થી તા. ૫/૧૧/૨૦૨૩ દરમ્યાન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિવિધ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની તાઈકવાન્ડો (ભાઈઓ)ની ટીમ આંતર યુનિવર્સિટી રમવા માટે જે.જે.ટી. યુનિવર્સિટી, જૂહનજૂનું ખાતે ગઈ હતી. જેમાં તા.૩/૧૧/૨૦૨૩ના રોજ એસ.ડી.જે. ઇન્ટરનેશનલ કૉલેજ, સુરતનો ખેલાડી શ્રી અનુજ ગુપ્તાએ ૫૪ કિગ્રા વજન શ્રેણીમાં બીજો ક્રમાંક મેળવીને સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. ટીમના કોચ તરીકે શ્રી ડૉ. સુનીલ ગાયકવાડ તથા મેનેજર તરીકે પ્રો. છગનભાઈ અશારિયા સેવા આપી હતી. ખેલાડી શ્રી. અનુજ ગુપ્તાની આ ઉત્કૃષ્ટ સિદ્ધીથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું નામ રોશન કરવા બદલ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, ઓ.એસ.ડી. પ્રકાશચંદ્ર પટેલ તથા બોર્ડ ઓફ સ્પોર્ટ્સના સભ્યશ્રીઓ, સિન્ડિકેટ/સેનેટ સભ્યશ્રીઓ અને શારિરીક શિક્ષણના વ્યાખ્યાતાઓએ અભિનંદન પાઠવ્યા છે.

## વિનામૂલ્યે આંખની તપાસ તથા ચશ્માં વિતરણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે હેલ્થ સેન્ટર ખાતે તા. ૧૨ થી ૧૬ ઓક્ટોબર, ૨૦૨૩ દરમ્યાન World Sight Day નિમિત્તે શ્રી અંબિકા નિકેતન ટ્રસ્ટ સંચાલિત શ્રી ભારતીમૈયા કૉલેજ ઓફ ઓપ્ટોમેટ્રી એન્ડ ફિઝિયોથેરાપી તેમજ ઓપ્ટોમેટ્રી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (OCI)ના સંયુક્ત ઉપક્રમે Carl Zeissના Aloka Vision કાર્યક્રમ અંતર્ગત યુનિવર્સિટીના ૫૦૦ જેટલા શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓના આંખના સ્વાસ્થયને પ્રોત્સાહન આપવા વિનામૂલ્યે આંખની તપાસ માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તા. ૦૯/૧૧/૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના સેનેટ હોલ ખાતે ૨૫૦ જેટલા કર્મચારીઓને વિનામૂલ્યે ચશ્માંનું વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રીઓ ડૉ. કશ્યપ ખરચિયા, ડૉ. પારૂલબેન વડગામા, શ્રી કનુભાઈ ભરવાડ, શ્રી ભારતીમૈયા કૉલેજ ઓફ ઓપ્ટોમેટ્રી એન્ડ ફિઝીયોથેરાપીના આચાર્યશ્રી અને સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, ઓપ્ટોમેટ્રી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (OCI)ના CEO શ્રીમતી લક્ષ્મી શિંદે તેમજ કૉલેજના એસોસીએટ પ્રોફેસર ડૉ. અંકિત વાર્શનેય ઉપસ્થિત રહીને કર્મચારીઓને વિનામૂલ્યે ચશ્માં વિતરણ કર્યું હતું.











## ધનતેરસની પૂજા અર્ચના કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના હિસાબી વિભાગ ખાતે તા. ૧૦/૧૧/૨૦૨૩ના રોજ યુગાબ્દ ૫૧૨૫, વિક્રમ સવંત ૨૦૭૯, આસો વદ તેરસ એટલે કે ધનતેરસના રોજ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, મદદનીશ હિસાબી અધિકારીશ્રી પંકજભાઈ ટંડેલ તેમજ સમગ્ર હિસાબી શાખાના કર્મચારી દ્વારા ધનતેરસ નિમિત્તે લક્ષ્મીજીની પૂજા અર્ચના કરવામાં આવી હતી. જેમાં યુનિવર્સિટીના હિસાબી વિભાગ તથા અન્ય વિભાગના કર્મચારીઓ આનંદ ઉલ્લાસ સાથે ઉપસ્થિત રહ્યા હતા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના કુલપતિ બન્યા બાદ આ પ્રકારે વાર–તહેવારો પર પૂજનવિધિઓ શરુ કરવામાં આવી છે. લાભપાંચમ નિમિત્તે તા. ૧૮/૧૧/૨૦૨૩ના રોજ પણ નવા વર્ષના શુભારંભ નિમિત્તે પૂજા–અર્ચનાનો કાર્યક્રમ શુભ મુહૂર્ત સમયે રાખેલ હતો. કાર્યક્રમના સમાપનમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી તરફથી સર્વોને ધનતેરસ તથા આગામી દિવાળી અને નૂતન વર્ષના તહેવારોની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.











## આંતર યુનિવર્સિટી ટેબલ ટેનિસ(બહેનો) પ્રતિયોગિતા

બનાસ્થલી વિદ્યાપીઠ, બનાસ્થલી મુકામે આંતર યુનિવર્સિટી ટેબલ ટેનિસ (બહેનો) પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતની ટેબલ–ટેનિસ (બહેનો) ભાગ લીધો હતો. જે અન્વયે ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. જેમાં મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત–ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. સ્પોર્ટ્સ વિભાગના ઓ.એસ.ડી. શ્રી પ્રકાશચંદ્ર પટેલે ખેલાડીઓનો પરિચય કરાવ્યા બાદ આભારવિધિ કરી હતી. ટીમના કોચ તરીકે ડૉ. ભાવિન પટેલ તથા મેનેજર તરીકે શ્રી ભારતી પરમાર સેવા આપી રહ્યા છે.

**ટેબલ–ટેનિસ (બહેનો)ની આંતર યુનિવર્સિટી ટીમઃ**

| | | |
|---|---|---|
| ૧ | કુ. મૂર્દ આફરીન એ. | એસ.પી.બી. ઈંગ્લિશ મીડિયમ કોમર્સ, સુરત. |
| ૨ | કુ. પારેખ કવિષા એસ. | |
| ૩ | કુ. જયસ્વાલ ભવ્યા જે. | અગ્રવાલ વિદ્યાવિહાર, વેસુ. |
| ૪ | કુ. મિસ્ત્રી આસ્થા એમ. | એસ.ડી.જે. ઈન્ટરનેશનલ કૉલેજ, વેસુ. |
| ૫ | કુ. બંદૂકવાલા જાહબીયા | એમ.ટી.બી. આર્ટસ કૉલેજ, સુરત. |








## આંતર યુનિવર્સિટી કુસ્તી (ભાઈઓ–બહેનો) પ્રતિયોગિતા

ચંડીગઢ યુનિવર્સિટી, મોહાલી આંતર યુનિવર્સિટી કુસ્તી (ભાઈઓ–બહેનો) પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતની કુસ્તી (ભાઈઓ–બહેનો) ભાગ લીધો હતો. જે અન્વયે ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. કે.એન. ચાવડાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. જેમાં મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત–ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડોઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સ્પોર્ટ્સ વિભાગના ઓ.એસ.ડી. શ્રી પ્રકાશચંદ્ર પટેલે ખેલાડીઓનો પરિચય કરાવ્યા બાદ આભારવિધિ કરી હતી. ટીમના કોચ તરીકે શ્રી પરેશ એમ. કહાર અને ભાઈઓના મેનેજર તરીકે શ્રી પ્રા. મુકેશ પટેલ તેમજ બહેનોના મેનેજર તરીકે પ્રા. ધરતી સવાણીએ સેવા આપી રહ્યા છે.

**કુસ્તી (ભાઈઓ)ની આંતર યુનિવર્સિટી ટીમ:**

| | | |
|---|---|---|
| ૧ | શ્રી વસાવા આર્યન વિનોદભાઈ | ગવર્મેન્ટ આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, ઉમરપાડા. |
| ૨ | શ્રી સિંઘ યશ જગજીત | રોફેલ બી.બી.એ. એન્ડ બી.સી.એ. વાપી. |
| ૩ | શ્રી સિંઘ વિનીત અશો | |
| ૪ | શ્રી ખાન આદિલ હસનાઈન | |
| ૫ | શ્રી જાંગીડ અનિષ ઓમપ્રકાશ | દીપજ્યોતિ કૉલેજ, ભરૂચ. |
| ૬ | શ્રી પ્રજાપતિ બિકી સ્વામીનાથ | કે.બી.એસ કોમર્સ, વાપી. |
| ૭ | શ્રી સિંઘ પાર્થ સરોજભાઈ | એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત |

**કુસ્તી (બહેનો) ની આંતર યુનિવર્સિટી ટીમ:**

| | | |
|---|---|---|
| ૧ | કુ. માવ ખુશ્બૂ રમેશભાઈ | રોફેલ બી.બી.એ. એન્ડ બી.સી.એ. વાપી. |
| ૨ | કુ. સૈની પૂજા ભાનારામ | |
| ૩ | કુ. દામા કશિશ કિશોરભાઈ | |
| ૪ | કુ. રાણા કિશા ઉમેશકુમાર | નારણલાલા કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી. |
| ૫ | કુ. રાઈકવર મોનું રામલખન | સર.કે.પી. કૉલેજ ઓફ કોમર્સ, સુરત. |
| ૬ | કુ. રાઈકવર સોનું રામલખન | |
| ૭ | કુ. મિશ્રા અમીષા સંજય | એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ,સુરત. |
| ૮ | કુ. સિંઘ અંશિકા શૈલેન્દ્ર | કે.બી.એમ કોમર્સ, વાપી. |








## Department of Interior Design

### લેવલઅપ લૂડો ગેમ પેટન્ટ રજીસ્ટર્ડ કરવામાં આવી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઇન્ટિરિયર ડિઝાઈનના વિદ્યાર્થીઓ વ્યાસ કૃપા નીલકંઠ, મોદી ખુશી રાજેશ, મહેતા આયુષી રમેશ, રાણા માનસી કિશોરચંદ્ર, શુકલા અક્ષતા રાકેશ, પટેલ ક્રિયા વિપુલ દ્વારા ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગના આસિસ્ટન્ટ, પ્રોફેસર શ્રી અંકિત ચાંગાવાલા અને શ્રી જેનીશ વાઘના માર્ગદર્શન હેઠળ પારંપરિક રીતે ચાલતી આવતી ગેમ લૂડોને એક નવરૂપ આપેલ છે. વિદ્યાર્થીઓએ આ લૂડો ગેમમાં એક પિરામિડ જેવું સ્વરૂપ આપ્યું છે. તેમજ ગેમનો મુખ્ય એલિમેન્ટ એવો પાસો

તેમને ગેમની સાથે સ્પિનિંગ વિલ આપી ગેમમાં જ જોડી દીધો છે. આ ગેમમાં અલગ અલગ લેવલ આપ્યા છે જે ધ્યાનમાં લઈ ગેમનું નામ લેવલઅપ લૂડો ગેમ આપેલ છે. આ ઈનોવેટીવ ગેમ 'લેવલ અપ લૂડો ગેમ' રૂપરેખા અંગેની પેટન્ટ મેળવી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. એમના આ આવિષ્કારમાં એમની લગભગ ૨૪ અઠવાડિયાની  મહેનત છે. ભારત સરકારની પેટન્ટ ઓફીસે એમને તા. ૩૦/૧૦/૨૦૨૩ ના રોજ પેટન્ટ કે જેનો ડિઝાઈન નંબર ૩૯૪૧૫૧–૦૦૧ થી એનાયત કરવામાં આવ્યું છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગના કૉ–ઓર્ડિનેટર શ્રી મેહુલ પટેલ, એસ.એસ.આઈ.પી કૉ–ઓર્ડિનેટર ઓફિસર ડૉ. પરેશ પારેખ તથા સમગ્ર યુનિવર્સિટી પરિવાર તેઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.




## રોમન ટીક ટેક ટો ગેમ પેટન્ટમાં નોંધણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઇન્ટિરિયર ડિઝાઈનના વિદ્યાર્થીઓ મિતાલી પ્રજાપતિ, ઉમંગ ઇસ્માલિયા, નકિયા બાસ્તાવાલા, કિષ્ના ધોરાજિયા અને દીપ્તિ રામાણી દ્વારા ઇન્ટિરીયર ડિઝાઈન વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી અંકિત ચાંગાવાલા અને શ્રી જેનિશ વાઘના માર્ગદર્શન હેઠળ પારંપરિક રીતે ચાલતી આવતી ગેમ શૂન્ય ચોકડીને એક નવુરૂપ આપેલ છે. વિદ્યાર્થીઓએ આ ગેમના ઈતિહાસને ધ્યાનમાં લઈ ગેમનું નામ રોમન ટીક ટેક ટો આપેલ છે, જેમાં રોમન ગ્રાફિકસનો ઉપયોગ કરેલ છે. આજના ટેકનોલોજીકલ યુગમાં યુવાઓ અને બાળકો ડિજિટલ ગેમ તરફ વધુ આકર્ષાય રહ્યા છે. જેથી આ ગેમ એ યુવાઓ અને બાળકો ફરી પારંપરિક રીતે ચાલતી આવતી રમતો કે જેમાં બે કે તેથી વ્યકિતઓનું ઈન્ટરએકશન થતું હતું, તે ધ્યાનમાં રાખીને નવા રંગ રૂપ આપ્યા છે. આ ઈનોવેટીવ ગેમ 'રોમન ટીક ટેક ટો' ડિઝાઈન અંગેની પેટન્ટ મેળવી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. એમના આ આવિષ્કારમાં એમની લગભગ ૨૪ અઠવાડિયાની મહેનત છે. ભારત સરકારની પેટન્ટ ઓફિસને એમને તા. ૩૧/૦૮/૨૦૨૩ના રોજ પેટન્ટ કે જેનો ડિઝાઈન નંબર ૩૯૪૧૫૨–૦૦૧થી એનાયત કરવામાં આવ્યું છે. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, ઈન્ટિરિયર ડિઝાઈન વિભાગના કો–ઓર્ડિનેટર શ્રી મેહુલ પટેલ તથા સમગ્ર યુનિવર્સિટી પરિવાર તેઓને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.














## ઇન્ટિરિયર ડિઝાઈનની વિદ્યાર્થીની વિધિ સંદિપ દોષી દ્વારા બે પેટન્ટ મેળવી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઇન્ટિરિયર ડિઝાઈનની વિદ્યાર્થીની વિધિ સંદિપ દોષી દ્વારા ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી અંકિત ચાંગાવાલા, આર્કિટેક અજય મિસ્ત્રી અને શ્રી સ્નેહલ એસ. પટેલના માર્ગદર્શન હેઠળ ઈનોવેટીવ ફર્નીચર 'TRI-MOD' (WARDROBE)ની ડિઝાઈન અંગે OPEN તેમજ Closed WARDROBE એમ બંન્ને પેટન્ટ રજીસ્ટર્ડ કરાવી હતી. જે બંન્ને પેટન્ટની અપ્રુવલ મેળવેલ છે. આમ એક જ ફર્નીચરની બે પેટન્ટ મેળવી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. એમના આ આવિષ્કારમાં એમની લગભગ ૨૪ અઠવાડિયાની મહેનત છે. ટૂંકમાં આ આવિષ્કાર વિશે જાણાવીએ તો આ ફર્નીચર એ મેટ્રો સીટીઝમાં ભાડે રહેતા નાના પરિવારો અને તેમની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી કરવામાં આવી છે. આ એક પ્રકારનો ત્રિકોણ આકારીય WARDROBE છે કે જે ઓછામાં ઓછી જગ્યા રોકે છે, પરંતુ તેમાં એક નાના પરિવારની બેઝીક સ્ટોરેજની જરૂરીયાતોને સંતોષે છે. ભારત સરકારની પેટન્ટ ઓફીસે તેમને અનુક્રમે તા.૨૬/૧૦/૨૦૨૩ અને તા.૩૦/૧૦/ ૨૦૨૩ના રોજ પેટન્ટ ડિઝાઈન નં. ૩૯૫૧૪૯–૦૦૧ અને ૩૯૫૧૫૦–૦૦૧થી એનાયત કરવામાં આવ્યું છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુનિવર્સિટીના ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગના કો–ઓર્ડિનેટર શ્રી મેહુલ પટેલ, એસ.એસ.આઈ.પી. કૉ–ઓર્ડિનેટર શ્રી ડૉ. પરેશ પારેખ તથા સમગ્ર યુનિવર્સિટી પરિવાર તેઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.






## કોલેજ સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

#### અભિમુખતા બેઠકનું આયોજન



તા. ૮/૧૧/૨૦૨૩ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અભ્યાસ કેન્દ્રના (૧૮૨૮ અને ૦૭૯૧૮૧૮) વિદ્યાર્થીઓ માટે જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ અભિમુખતા બેઠક (ઓગષ્ટ–૨૦૨૩)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ વિદ્યાર્થીઓને બેઠકમાં અભ્યાસક્રમને લગતી મહત્વની બાબતો તેમજ પ્રવેશ, પરીક્ષા, સ્વાધ્યાયકાર્ય અને પરિણામ જેવા મહત્વના મુદ્દાઓ વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, સુરત રીજનલ સેન્ટરના ડાયરેકટર ડૉ.શ્રીધર નીમાવત, આસિસ્ટન્ટ ડાયરેકટર ડૉ. જીતેન્દ્રસિંહ પરમાર, સેન્ટર કૉ. ઓર્ડિનેટર ડૉ. ચિરાગ સિધ્ધપુરિયા, ડૉ. મયંકભાઈ સોઢા તેમજ અન્ય વહીવટી કર્મચારી સભ્યો તથા ખૂબ મોટી સંખ્યામાં પ્રવેશ લીધેલ નવા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

### પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

#### નવી અધ્યતન કમ્પ્યૂટર લેબ ઉદ્દઘાટન સમારંભ

જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૩/૧૧/૨૦૨૩ના રોજ યોજાયો હતો. કમ્પ્યૂટર લેબનું ઉદ્દઘાટન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના હસ્તે કરવામાં આવ્યું હતું. સમારોહમાં માનવંતા મહેમાન

તરીકે જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈશાહ, માનદ્‌મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી ગૌરાંગભાઈ દેસાઈ, શ્રી કાંતીભાઈ શાહ, શ્રી સ્નેહલભાઈ શાહ, શ્રી મહેન્દ્રભાઈ સોલંકી, શ્રી સંપતભાઈ શાહ, યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યોશ્રીઓ ડૉ. પારૂલબેન વડગામા, શ્રી કનુભાઈ ભરવાડ, સેનેટ સભ્યશ્રી સતિષભાઈ પટેલ, ઉધના સીટીઝન કૉલેજના પ્રિ ડૉ. મેહુલકુમાર દેસાઈ, બીસીએ વાડિયા વિમેન્સ કૉલેજના પ્રિ. ભરતભાઈ પટેલ, અમરોલી સમાજસેવકશ્રી મુકેશભાઈ દેસાઈ, કૉ–ઓર્ડિનેટર ડૉ. જૈમિન શુકલા, ડૉ.સ્વાતી મહેતા, ડૉ. ધરીત નાયક તથા ડૉ. વિરલ પોલીસવાળા હાજર રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન પ્રિ. ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કમીટીના સભ્ય તેમજ બી.સી.એ. વિંટરના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓના સહકારથી સફળ રીતે કરાયું હતું.










## ઈનામ વિતરણ કાર્યક્રમ





તા.૮/૧૧/૨૦૨૩ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં બી.બી.એ., બી.સી.એ., બી.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી ટોપ ટેન વિદ્યાર્થીઓનું સન્માન તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શ્રી દિપકભાઈ રાજ્યગુરુ તેમજ જીવન જ્યોત ટ્રસ્ટના માનદ્‌મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ હાજર રહ્યાં હતાં. શ્રી દિપકભાઈ રાજ્યગુરુએ તેમના વ્યકત્વયમાં વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક સમજ આપી હતી કે, "જીવનમાં હંમેશા માં, માતૃભાષા અને માતૃભૂમિને સન્માન આપવું જોઈએ તેમજ જીવનમાં એવું કામ કરવું કે તમારું નામ જ તમારી ઓળખ બને". બી.બી.એ., બી.સી.એ., બી.કોમ અને બી.કોમ. વીથ ડેટા સાયન્સ તેમજ બી.સી.એ. વિંટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પૈકી ટોપ ટેન ૨૦૦ વિદ્યાર્થીઓનું સન્માન અને ઈનામ વિતરણ શ્રી દિપકભાઈ રાજ્યગુરુ અને શ્રી અશ્વિનભાઈ પટેલ હસ્તે કરવામાં આવ્યું હતું. ઇનામ વિતરણ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે તમામ સ્ટાફ સભ્યો તેમજ બી.સી.એ. કૉ–ઓર્ડિનેટર, ડૉ. જૈમિન શુકલા, બી.બી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા, બી.કોમ. કૉ–ઓર્ડિનેટર ડૉ. ધરીત નાયક, બી.સી.એ. (વિંટર) કૉ–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીસવાળા હાજર રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ કૉલેજના પ્રાધ્યાપક દમયંતીબેન પટેલ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

## રિસર્ચ સેન્ટરનો ઉદ્‍ઘાટન સમારંભ









નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ અંતર્ગત કેન્દ્ર સરકારે સંશોધનને ખૂબ જ મહત્વ આપ્યું છે. આ બાબતને ધ્યાનમાં રાખીને કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ દ્વારા સંશોધન સાથે જોડાયેલ વિવિધ ક્ષેત્રના અધ્યાપકો, રિસર્ચ સ્કોલરો તેમજ સમાજના તમામ નાગરિકોને જરૂરી સુવિધા પૂરી પાડી શકાય તે વિચારથી નવયુગ કોમર્સ કૉલેજમાં રિસર્ચ સેન્ટરની સ્થાપના માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની Establishment and Approval/Renewal of Research Center at Affiliated Colleges/Institute અંતર્ગત અરજી કરવામાં આવેલ હતી. જેની તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ યુનિવર્સિટી દ્વારા નવયુગ કોમર્સ કૉલેજને રિસર્ચ સેન્ટરની માન્યતા આપવામાં આવેલ હતી.

સંશોધન માટે સંશોધનાર્થીઓને જરૂરી સુવિધા તેમજ એકાંત ખૂબ જ જરૂરી હોય છે. જેથી તેઓ પોતાનું સંશોધન કાર્ય જરૂરી ગુણવત્તાના આયામો જાળવીને કરી શકે. યુનિવર્સિટીમાં હાલમાં કોમર્સ અને એકાઉન્ટન્સી વિષયમાં અંદાજિત ૪૦૦ થી ૫૦૦ રિસર્ચ સ્કોલરો પોતાનું સંશોધન કાર્ય કરી રહ્યા છે. નવયુગ કોમર્સ કૉલેજના રિસર્ચ સેન્ટર દ્વારા આ તમામ સંશોધનાર્થીઓને રિસર્ચ સેન્ટર નિઃશુલ્ક પણે ઉપયોગ કરવા દેવામાં આવશે. રિસર્ચ સેન્ટરમાં સંશોધન અંગેના જરૂરી સોફ્ટવેર પણ ઉપલબ્ધ છે અને ભવિષ્યમાં પણ સંશોધનાર્થીઓને જરૂરી એવી તમામ જર્નલ કે અન્ય કોઈપણ સોફ્ટવેરને ખરીદવા કે લવાજમ ભરવા માટે રિસર્ચ સેન્ટર કટિબદ્ધ રહેશે. કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ તેમજ સંશોધન પ્રોજેક્ટ અને પ્રાઈવેટ કોર્પોરેટ કંપની પોતાના સીએસઆર ફંડમાંથી જે પણ સંશોધન કરવા ઈચ્છે છે તે અંગે રિસર્ચ સેન્ટર પાસે જરૂરી લાયકાત અને જ્ઞાન ધરાવતા કર્મચારીઓ ઉપલબ્ધ છે. રિસર્ચ સેન્ટરના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

- Promote High-Qualty Research
- Facilitate Knowledge Dissemination
- Foster Research and Innovation
- Consultancy in Research Funding and Grants
- Enhance Research Infrastructure
- Nurture Research Talent
- Foster Collaboration and Partnerships
- Drive Applied Research
- Conduct Ethical Research
- Promote Technology Driven Research
- Facilitate Research Scholars

રિસર્ચ સેન્ટર અંગે યુનિવર્સિટીના કુલપતિશ્રી નોમિની તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિકસના પ્રોફેસર એન્ડ હેડ, ડૉ. ગૌરાંગ રામીની નિમણૂક કરવામાં આવેલ છે. આ ઉપરાંત કૉલેજ દ્વારા રિસર્ચ સેન્ટરના કૉ–ઓર્ડિનેટર તરીકે ડૉ. બ્રિજેશ એસ.પટેલ તથા કૉ–ઓર્ડિનેટર તરીકે ડૉ. મેહુલ બી.શાહ અને ઈન્ટર્નલ એક્સપર્ટ તરીકે ડૉ. જીગ્નેશ પી. વાઘેલાની નિમણૂક કરવામાં આવેલ છે. તેમજ યુનિવર્સિટીના નિયમ મુજબ આ કમિટીમાં બે એક્ષટર્નલ એક્સપર્ટ તરીકે યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ એચ.આર.ડી.ના આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ.ભાવેશ વનપરિયા અને સાસ્મા ઈંગ્લીશ મીડીયમ કોમર્સ કૉલેજના આચાર્યશ્રી ડૉ. આશિષ કે. દેસાઈની નિમણૂક કરવામાં આવેલ છે.

તા. ૮/૧૦/૨૦૨૩ના રોજ નવયુગ કોમર્સ કૉલેજ ખાતે રિસર્ચ સેન્ટરનું ઉદ્‍ઘાટન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા કરવામાં આવેલ હતું. કૉલેજના આચાર્ય ડૉ. વિનોદ એન. પટેલ દ્વારા ઉપસ્થિત સૌ મહેમાનોનું સ્વાગત અને આવકાર પ્રવચન આપવામાં આવ્યું હતું તેમજ સંશોધનાર્થીઓને રિસર્ચ સેન્ટરમાં જરૂરી સુવિધા મળી રહેશે તે અંગે ખાતરી આપી હતી. રિસર્ચ સેન્ટરના કો–ઓર્ડિનેટર ડૉ. બ્રિજેશ એસ. પટેલ દ્વારા રિસર્ચ સેન્ટરનું મહત્વ, તેની ભૂમિકા, સંશોધનાર્થીઓ

માટે તેનો ઉપયોગ વગેરે બાબત ઉપર માર્ગદર્શન આપવામાં આવેલ હતું. કુલપતિશ્રી દ્વારા રિસર્ચ સેન્ટરને શુભેચ્છાઓ પાઠવી તેમણે સંશોધનનું મહત્વ, સંશોધનાર્થીઓ માટે રિસર્ચ સેન્ટરનું મહત્વ, સંશોધનના સામાજિક અને કારકિર્દીલક્ષી ઉપયોગ વગેરે ઉપર વિસ્તારથી ચર્ચા કરી હતી. તેમજ ભવિષ્યમાં પણ રિસર્ચ સેન્ટરને યુનિવર્સિટી તરફથી જે કોઈપણ સહયોગ જોઈશે તે આપવાની સંપૂર્ણ હકારાત્મક ખાતરી આપેલ હતી. સમગ્ર સ્ટાફ સભ્યોએ કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવામાં પોતાનો સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ દ્વારા રિસર્ચ સેન્ટરને તેમજ સમગ્ર કર્મચારી મિત્રોને શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ હતી.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara

### Essay Writing Competition

C. N. Kothari Homoeopathic Medical College and Research Centre, Vyara, District Tapi is conduct a essay competition on the theme **"Say to no corruption; Commit to the Nation"** as per the direction of Regional E.P.F. Commissioner, Region Office, Surat on Saturday, 04/11/2023, under the celebration of the vigilance awareness week from 30th October, 2023 to 5th November, 2023 to inculcate the value of transparency, equity and fairness in public administration and all the stake holders are encourage to prevent and combat corruption.

In this Competition 21 nos. students of our college were enthusiastically participated in essay competition. Dr.Bhavin Modi, Dr.Swapnil Khengar, Dr.Dhruni Gavli were judges of the competition. Winners were awarded with Certificates & Winning prizes. All participants were also given certificate of participation. Above competition was conducted and handled by activity committee team under the guidance of Dr. Jyoti R .Rao, Principal.

| | | |
|---|---|---|
| 1st Winner | Ahire Jignyasa Dineshbhai | 3rd BHMS |
| 2nd Winner | Mangukiya Charmi Pareshbhai | 2nd BHMS |
| 3rd Winner | Aditi Rathod | 1st BHMS |





## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### 'મહાશક્તિ મહાપર્વ'નું આયોજન

ઉધના કૉલેજ ખાતે વિદ્યાર્થિનીઓ માટે નવરાત્રિ પર્વ નિમિત્તે મહાશક્તિ મહાપર્વ અંતર્ગત નવ શક્તિઓને ઉજાગર કરતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે, હસ્તકલા બનાવટ તથા વેચાણ, આરતી થાળી સુશોભન પ્રતિયોગિતા, ફૂડ સ્ટોલ, સ્વરક્ષા તાલીમ, ગરબા સ્પર્ધા, મહિલા સશક્તિકરણ તથા વિદ્યાર્થીઓનાં સ્વાસ્થ્ય સંબંધિત વ્યાખ્યાનનું નવ દિવસ આયોજન કરવામાં આવ્યું હતું.




### પીએચ.ડી.

ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના સીટીઝન કૉલેજના કોમર્સ વિષયના ટીચીંગ આસિસ્ટન્ટ ડૉ. રોનક મહેન્દ્રકુમાર વાડીવાલાએ કમ્પ્યૂટર સાયન્સ વિષયમાં પેસીફીક યુનિવર્સિટી, ઉદયપુરના પ્રાધ્યાપક ડૉ. નીતુ અગરવાલના માર્ગદર્શન હેઠળ પેસીફીક યુનિવર્સિટી, ઉદયપુરમાં રજૂ કરેલા મહાશોધનિબંધ Analyzing Diabetes Data Using Machine Learning Algorithms in Data Miningને યુનિવર્સિટીએ માન્ય રાખી તેમને કમ્પ્યૂટર સાયન્સ વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી છે. જે બદલ સંસ્થા તેમજ કૉલેજ પરિવારે તેમને અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવી હતી.

## યુનિવર્સિટી ગ્રંથાલય

## Footfall : Dt. 01-11-2023 to 30-11-2023

| Detail | Description | Nov.-2023 | |
|---|---|---|---|
| User | Visitors | 202 | |
| | Internet Lab User | 30 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 28 | |
| | UG/PG Students | 990 | |
| | Research Scholars | 15 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 1 | |
| | Online User | 0 | |
| | Total | | 1266 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

## Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| November-2023 | 12 | 09 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

## પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | November-2023 | 05 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

## Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | November-2023 | 10 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

## Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | November-2023 | 10 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in